# તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૭૬૮

## વિષય: થોળ સરોવરની આસપાસ પ્રવાસી સુવિધાઓ

## પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી કરસનભાઈ પુંજાભાઈ સોલંકી (કડી)

| ક્રમાંક | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | તા . ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં આવેલ થોળ સરોવર ની આસપાસ સુવિધાઓ વિકસાવવા કોઈ કામગીરી કરેલ છે કે કેમ, અને | હા. |
| ૨ | જો હા, તો તેની વિગતો શું છે ? | સદર સ્થળ ખાતે પ્રવાસી સુવિધા વિકસાવવા અર્થે |

| | | | |
|---|---|---|---|
| | | | ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા નીચે મુજબના ઘટકોનો સમાવેશ કરી ટેન્ડરિંગ પ્રક્રિયા હાથ ધરાયેલ.<br>• એન્ટ્રી ગેટ<br>• બસ,કાર તથા ટુ વિલ પાર્કિંગ<br>• ટોઈલેટ બ્લોક<br>• લેન્ડ સ્કેપિંગ<br>• વેટીંગ એરિયા<br>• નેચર ટ્રેલ<br>• ટીકીટ વિન્ડો<br>• ઈ-વેહિકલ વેટીન્ગ તથા પાર્કિંગ<br>• ફૂડ કીઓસ્ક<br>• સેમીનાર હોલ<br>• બર્ડ વ્યુ કીઓસ્ક(ગઝેબો)<br>• બોટિંગ તથા જેટી |

| | | |
|---|---|---|
| | | સદર કામગીરી અર્થે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિ એ ઓનલાઈન ટેન્ડર કરી નિયુક્ત થયેલ એજન્સીને રૂ.૨૭૨૦.૨૫ લાખ નો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |

**અગ્રતા ક્રમ : ૨૬**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૭૬૮

| |
|---|
| વિષય: થોળ સરોવરની આસપાસ પ્રવાસી સુવિધાઓ<br>પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી કરસનભાઈ પુંજાભાઈ સોલંકી (કડી) |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:–** શ્રી કરસનભાઈ પુંજાભાઈ સોલંકી (કડી) |
| **પૂરક પ્રશ્ન (૧) : થોળ સરોવરનું મહત્વ શું છે તથા છેલ્લા બે વર્ષમાં થોળ સરોવરખાતે કેટલા પ્રવાસીઓ એ મુલાકાત લીધેલ છે તેની વિગત જણાવશો.** |

**જવાબ:**

**માન.અધ્યક્ષશ્રી**

થોળ સરોવર કલોલથી ૨૦ કિલોમીટર અને અમદાવાદથી ૪૦ કિલોમીટર ઉત્તર-પશ્ચિમમાં, મહેસાણા જિલ્લામાં મહેસાણાથી ૭૫ કિલોમીટર દૂર થોલ ગામ નજીક આવેલું છે. થોલ સરોવર એ એક કૃત્રિમ સરોવર છે. ૧૯૧૨ માં સદર સરોવર સિંચાઈ ના હેતુથી બાંધવામાં આવ્યું હતું. તે એક તાજા પાણીનું સરોવર છે. જેને ૧૯૮૮માં થોલ પક્ષી અભયારણ્ય જાહેર કરવામાં આવેલ. સદર સરોવર પક્ષીઓની ૧૫૦ પ્રજાતિઓનું નિવાસસ્થાન છે, જેમાં લગભગ ૬૦% વોટરબર્ડ છે. ઘણા યાયાવર પક્ષીઓ તળાવ અને તેની પરિઘમાં માળો બાંધે છે અને પ્રજનન કરે છે. અભયારણ્યમાં નોંધાયેલ પક્ષીઓની બે સૌથી પ્રખ્યાત પ્રજાતિઓ ફ્લેમિંગો અને સરસ ક્રેન (ગ્રુસ એન્ટિગોન) છે.

વિવિધ દેશોમાંથી પક્ષીઓ શિયાળામાં અહીં આવે છે જ્યાં ફ્લેમિંગો તેમના સુંદર રંગ

અને દેખાવને કારણે આકર્ષણનું કેન્દ્ર બને છે. આ સ્થળની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય નવેમ્બર થી ફેબ્રુઆરી છે.

આ સ્થાનના મુલાકાતીઓની વિગતો નીચે મુજબ છે: –

| ક્રમ | વર્ષ | પ્રવાસીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૨૨ | ૩૫,૭૬૧ |
| ૨ | ૨૦૨૩ | ૮૪,૨૪૩ |

આમ થોળ સરોવર ખાતે છેલા બે વર્ષમાં (૨૦૨૨ તથા ૨૦૨૩) કુલ ૭૪,૦૦૦ પ્રવાસીઓએ મુલાકાત લીધેલ છે.

**અગ્રતા ક્રમ : ૨૬**

| |
|---|
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૭૬૮<br>વિષય: થોળ સરોવરની આસપાસ પ્રવાસી સુવિધાઓ<br>પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી કરસનભાઈ પુંજાભાઈ સોલંકી (કડી). |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ, (ઉંઝા)** |
| **પૂરક પ્રશ્ન (૨) મહેસાણા જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા સ્થળોએ કઇ કઇ કામગીરી કેટલા રૂપિયાના ખર્ચે પુર્ણ કરેલ છે.** |

**જવાબઃ**

**માન.અધ્યક્ષશ્રી**

૧). વડનગર ખાતે આવેલ તાના રીરી પાર્ક અને આસપાસના તળાવોના વિકાસ માટે પ્રવેશ દ્વાર, પાર્કિંગ, પાથવે, રીટેઈનીંગ વોલ, પિચ વોલ, એમ્ફીથિટર, કેનોપીઝ, ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેન્ચ, ઈલ્યુમીનેશન, સીસીટીવી, ડસ્ટબિન્સ, દુકાનો, ઈલેક્ટ્રીફીકેશન વગેરે જેવી કામગીરી રૂ.૧૭.૯૮ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.

૨). શર્મિષ્ઠા તળાવ, વડનગર ખાતે રીટેઈનિંગ વોલ, પિચ વોલ, સ્ટોન ક્લેડીંગ, ડેક્સ, કેનોપીઝ, પાથવે, ઈન્ટરપ્રેટેશન સેન્ટર, થીમ પાર્ક, દુકાનો, કાફેટેરિયા, લેન્ડસ્કેપિંગ,

સાઈનેજીસ, પાર્કીંગ, ઈલ્યુમીનેશન, ડસ્ટબીન, સીસીટીવી, વોચ ટાવર વગેરે જેવી કામગીરી રૂ. ૪૦.૦૭ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.

૩. વડનગર રેલ્વે સ્ટેશન ખાતે ફસાડ ડેવલપમેન્ટ, પ્રવાસી માહીતી કેન્દ્ર, પાર્કિંગ, પેવિંગ, ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેઠક વ્યવસ્થા, ઈલ્યુમીનેશન, સીસીટીવી વગેરે કામગીરી રૂ. ૮.૩૪ કરોડ ના ખર્ચે પુર્ણ કરેલ છે.

૪. શેઠ ચકુલાલ ભોગીલાલ લાઈબ્રેરી, વડનગર ખાતે ઈન્ટરપ્રેટેશન સેન્ટર, શૌચાલય, સાઈનેજીસ, ફાયરફાઈટીંગ, સાઈનેજીસ, ઈલ્યુમીનેશન, સીસીટીવી, ફર્નીચર વગેરે કામગીરી રૂ. ૩.૦૧ કરોડના ખર્ચે પુર્ણ કરેલ છે.

પ. ગેટ્સ એન્ડ ફોર્ટ વોલ, વડનગર ના વિકાસ માટે સરાઉન્ડીંગ ડેવલપમેન્ટ, નવું ઈટનું ચણતરકામ પથ્થરના ક્લેડીંગ સાથે, સાઈનેજીસ, બેંચ, ઈલ્યુમીનેશન, પાથવે વગેરે કામગીરી રૂ. ૩.૪૦ કરોડ ના ખર્ચે પુર્ણ કરેલ છે.

૬. અંબાજી કોઠા તળાવ, વડનગર  ખાતે પ્રવેશદ્વાર, સ્ક્રીન વોલ, રીટેઈનિંગ વોલ, પિચ વોલ, પાથવે, કેનોપીઝ, ટોઈલેટ બ્લોક, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેઠક વ્યવસ્થા, ઈલ્યુમીનેશન, ડસ્ટબીન, ગઝેબો વગેરે કામગીરી રૂ. ૨.૭૮ કરોડ ના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

૭. લટેરી વાવ, વડનગર ખાતે મુખ્ય દરવાજો, પાર્કિંગ, પેવીંગ, કેનોપીઝ, ટોઈલેટ બ્લોક, બાઉન્ડ્રી વોલ, ફેન્સીંગ, સાઈનેજીસ, લેન્ડસ્કેપિંગ, બેંચ, ઈલ્યુમીનેશન,

ડસ્ટબિન્સ, વાવનું રીસ્ટોરેશન વગેરે કામગીરી રૂ. ૧.૬૩ કરોડના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

૮. બુધ્ધીસ્ટ મોનાસ્ટ્રી, વડનગર ખાતે પ્રવેશ દ્વાર, ડસ્ટબીન, સ્ટ્રીટલાઈટ્સ, સાઈનેઝીસ, કમ્પાઉન્ડ વોલ, પ્રદર્શન કેન્દ્ર, ગ્લાસ રેલિંગ, ટોઈલેટ બ્લોક, ઈલ્યુમનેશન, જનરલ લાઈટીંગ વગેરે જેવી કામગીરી રૂ. ૩.૦૮ કરોડના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

૯. તારંગા કેવ બુદ્ધીસ્ટ ગુફા, ખેરાલુ ખાતે સ્ટોન બેન્ચ સાથેના માર્ગ,પીવાના પાણીની સુવિધા, પ્રવેશ દ્વાર, રેસ્ટીંગ એરીયા, સીસીટીવી, સાઈનેઝીસ, ડસ્ટબિન્સ, એપ્રોચ રોડ, નવું પાર્કિંગ, બોરવેલ, જૂના પગથીયા અને ફ્લોરિંગનું નવીનીકરણ, ઈલેક્ટ્રીફીકેશન, ફ્લોરિંગ અને રંગ કામ,ભૂગર્ભ ટાંકી, સ્ટોર્મ વોટર લાઈન, મંદિરમાં

શેડિંગની કામગીરી વગેરે જેવી કામગીરી રૂ. ૪.૦૬ કરોડના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

૧૦. **મોઢેરા સુર્ય મંદિર** ખાતે પાથવે, એપ્રોચ રોડ, ઈલેક્ટ્રીફીકેશન, ડસ્ટબિન્સ, એમ્ફીથિટર, સાઈટ ડેવલપમેન્ટ, પાર્કીંગ, સાઈનેઝીસ વગેરે જેવી કામગીરી રૂ. ૪.૨૫ કરોડના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે. તેમજ લાઈટ અને સાઉન્ડ શો તથા મોન્યુમેન્ટ લાઈટીંગની કામગીરી રૂ. ૯.૨૬ કરોડના ખર્ચે પુર્ણ કરવામાં આવેલ છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૨૬**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૭૬૮**<br>**વિષય: થોળ સરોવરની આસપાસ પ્રવાસી સુવિધાઓ**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી કરસનભાઈ પુંજાભાઈ સોલંકી (કડી).** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી સુખાજી ઠાકોર (બેચરાજી)** |
| **પૂરક પ્રશ્ન (૩) થોળ સરોવરના વિકાસની કામગીરી માટે વન વિભાગનો પરામર્શ મેળવેલ છે? તથા કામગીરી પુર્ણ થયા પછી તેની સાર સંભાળ તથા જાળવણી અને નિભાવણી માટે શી વ્યવસ્થા કરેલ છે.** |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>થોળ સરોવરના વિકાસની કામગીરી માટે વન વિભાગ ના સંકલનમાં રહીને પ્રવાસન વિભાગ દ્વારા પ્રોજેક્ટની ફાઈનલ ડિઝાઈન તૈયાર કરેલ છે. વન વિભાગ દ્વારા તા: ૦૯/૦૧/૨૦૨૪ ના રોજ સદર કામગીરી માટે NOC પણ આપેલ છે. |

સદર કામગીરી પુર્ણ થયા બાદ વન વિભાગ દ્વારા તેની સાર સંભાળ તથા જાળવણી અને નિભાવણી કરવામાં આવશે.